ક્રમાંક: રાપબો/ઉચ્ચકલા પરીક્ષા/પરિણામ/૨૦૨૩/ ૨૦૩૯૨ - ૨૦૩૯૯

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
ઇ-મેલ: gseb21@gmail.com
તારીખ:૨૦/૦૭/૨૦૨૩

જાહેરનામુ:-

વંચાણે લીધા: (૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:રાપબો/ઉચ્ચકલા/૨૦૨૨-૨૩/૧૯૬૮-૮૦, તા:૨૦/૦૨/૨૦૨૩

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા. ગાંધીનગર દ્વારા આમુખ-૧ અનુસારના જાહેરનામા અનુસાર ઉચ્ચકલાઓ (એપ્લાઇડ આર્ટ,ડ્રોઇંગ એન્ડ પેઇન્ટિંગ,શિલ્પ)ની પરીક્ષાઓ વર્ષ-૨૦૨૩ વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી. એપ્લાઇડ આર્ટ પાંચમું વર્ષ, ડ્રોઇંગ & પેઇન્ટીંગ પાંચમું વર્ષ અને શિલ્પ પાંચમું વર્ષ પરીક્ષાનું પરિણામ આજ તા.૨૦/૦૭/૨૦૨૩ ના રોજ જાહેર કરવામાં આવે છે. ઉક્ત તમામ પરીક્ષાના પરિણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર પણ જોવા મળશે. સંબંધિત સંસ્થાના ઉપસ્થિત થયેલ ઉમેદવારોના માર્કશીટ/પ્રમાણપત્ર/માઇગ્રેશન સંસ્થાના આચાર્યશ્રીને મોકલી આપવામાં આવશે. જે સંસ્થાના આચાર્યશ્રીએ સંસ્થાના રેકર્ડ સાથે ચોક્કસાઇ પૂર્વક ચકાસણી કરી, સંબંધિત તાલીમાર્થીઓને સત્વરે સુપ્રત કરવાનાં રહેશે.

**ઉચ્ચકલા પરીક્ષા પરિણામ - ૨૦૨૩ ની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | કોર્ષ | કુલ ઉમેદવાર | ઉપસ્થિત ઉમેદવારો | પાસ | નાપાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્લાઇડ આર્ટ પાંચમુ વર્ષ | નવો કોર્ષ | ૭૯ | ૭૯ | ૭૮ | ૧ | ૯૮.૭૩% |
| ૨ | ડ્રોઇંગ & પેઇન્ટિંગ પાંચમું વર્ષ | નવો કોર્ષ | ૫૦ | ૫૦ | ૫૦ | ૦ | ૧૦૦% |
| ૩ | ડ્રોઇંગ & પેઇન્ટિંગ પાંચમું વર્ષ | જૂનો કોર્ષ | ૧ | ૧ | ૧ | ૦ | ૧૦૦% |
| ૪ | શિલ્પ પાંચમું વર્ષ | નવો કોર્ષ | ૬ | ૬ | ૬ | ૦ | ૧૦૦% |
| ૫ | શિલ્પ પાંચમું વર્ષ | જૂનો કોર્ષ | ૧ | ૧ | ૧ | ૦ | ૧૦૦% |

જે ઉમેદવાર ઉત્તરવહીના ગુણ ચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેમણે તે અંગેની અરજી (રીચેકિંગનું ફોર્મ) તથા ગુણ ચકાસણી ફી વિષય દીઠ રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો) ભરવાની રહેશે. આ મુજબ ગુણ ચકાસણી ફીની કુલ રોકડ રકમ તથા અરજી પરિણામ જાહેર કર્યા તારીખથી દિન-૭ માં, તા:૨૭/૦૭/૨૦૨૩ સુધીમાં ઉમેદવારે પોતાની સંસ્થા ખાતે જમા કરાવવાની રહેશે. **ઉમેદવારની સીધી અરજી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં.** આ ગુણ ચકાસણી માત્ર થીયરીના વિષયો અને વાર્ષિક પ્રેક્ટિકલ પરીક્ષાની કામગીરીના પેપરોમાં જ થઇ શકશે. ગુણચકાસણી અંગેની અરજીઓ (ફોર્મ) તથા ગુણ ચકાસણી માટે એકત્ર કરેલ ફીની કુલ રકમનો ડી.ડી. સંસ્થાએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને તા:૩૧/૦૭/૨૦૨૩ સુધીમાં મોકલી આપવાના રહેશે. ગુણ ચકાસણી ફી ની રકમનો આ ડિમાન્ડ ડ્રાફ્ટ '**સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર**' ના નામનો કાઢવાનો રહેશે. આ ફોર્મ અને ડિમાન્ડ ડ્રાફ્ટ જે-તે સંસ્થાએ બોર્ડને મોકલી આપવાની અંતિમ તારીખ વિતિ ગયા બાદ સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,
આચાર્યશ્રી, ઉચ્ચકલા કોલેજ (સંબંધિત)

નકલ સવિનય રવાના જાણ સારૂ:
-માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
-માન.(રાજ્યકક્ષાના) શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
-માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ) ના અંગત મદદનિશશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
-કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી, ગાંધીનગર

Scanned with OKEN Scanner